# બે - પાંચ મોદીથી થાકી ગયા ? સૂત્ર તો ઘર ઘર મોદીનું હતું

## નિરવ મોદી કૌભાંડ મુદ્દે સોશ્યિલ મીડિયા પર ચોટદાર ચબરાકિયાની ધૂમ...!!

ગાંધીનગર, તા. ૧૮

વિજય માલ્યા પછી હવે નિરમ મોદી જેવા બીઝનેશ ટાયકુન દ્વારા સરકારી બેંકોનું અબજોનું ફુલેકું ફેરવી વિદેશ ભાગી જવાની ઘટનાએ દેશભરમાં ભારે અચરજ ફેલાવી છે. દરેક ઘટનાને સોશ્યિલ મીડિયા પર ત્વરિત પ્રતિભાવો આપવા સાથે નેટીઝન્સ સમગ્ર બનાવ પર નીતનવા કટાક્ષ કરતા 'ચાબખા' મારવાનું પણ ચૂકતા નથી. પંજાબ નેશનલ બેંક સાથે નિરવ મોદીના કૌભાંડ મુદ્દે પણ સોશ્યિલ મીડિયા પર સતત અવનવા ચબરાકિયા ફરતા થયા છે. નિરણ મોદી ઝડપાશે અને બેંકના નાણાં પરત મળશે કે કેમ તે તો આવનારો સમય કહેશે પરંતુ હાલ તો નાગરિકો આ ચટાકેદાર ચબરાકિયાની મજા માણી રહ્યાં છે...

પંજાબ નેશનલ બેંક કૌભાંડ સોશ્યિલ મીડિયાની નજરે

| | | | |
|---|---|---|---|
| - વાત હિસાબની | - વિજય માલ્યા | = | ૧૩ હજાર કરોડ |
| | - નિરવ મોદી | = | ૧૧ હજાર કરોડ |
| | | = | ૨૪ હજાર કરોડ |
| | | | ૧૮૦ કરોડ જનતા |

૧૮૪ રૂા. આટલા માટે રડવું નહીં

- દેવું પણ કેવું અજબ છે, અમીરો પાસે વધે તો દેશ છોડી જાય અને ખેડૂતો પાસે વધે તો દેહ છોડી જાય...

- અમીરોને કોઈ કાયદા નથી નડતાં અને ગરીબોને કોઈ સહારા નથી જડતા...

- બેંક લોન પ્રુફમાં ફેરફાર કર્યા જેની પાસે પાસપોર્ટ નહીં હોય તેને જ લોન આપશે...

- બેટી બચાવો અભિયાન સાથે બેંક બચાવો ને પણ જોડો, આજકાલ બેંકની પારકી થાપણો સાથે દુષ્કર્મના કિસ્સા વધી રહ્યા છે...

- ભાઈઓ બહેનો ૧૧,૫૦૦ કરોડ તો પેટ્રોલ ડિઝલમાં રૂા. ૧ ભાવ વધારીને સરભર કરી દઈશ તમારે ગભરાવાની જરૂર નથી, હું ચોકીદાર હજુ બેઠો છું...

- હમણાં એક બેંકમાં ખાતું ખોલવા ગયો મને કહે કે બે રેફરન્સ જોઈએ, મેં કીધું વિજય માલ્યા અને નિરવ મોદી મને ટીંગાટોળી કરીને કાઢી મૂક્યો બોલો...

- લોકો ડરે છે, પૈસા બેંકમાં રાખીશું તો નિરવ મોદી અને ઘરે રાખીશું તો નરેન્દ્ર મોદી લઈ જશે...

- અભી કુછ લગતા હે કી વિકાસ હુઆ હય, ૨૦૧૫ મે ઉડતા પંજાબ, ૨૦૧૮ મેં ઉડતા પંજાબ નેશનલ બેંક...

- મિત્રો, આ પીએનબીના ૧૧,૫૦૦ કરોડનો કૌભાંડમાં કોઈને પણ છોડવામાં નહીં આવે તેની એક એક પાઈ વ્યાજ સાથે જનતા પાસેથી વસૂલ કરવામાં આવશે... બોલો ભારત માતાકી જય !!!

- મોદીજી જવાબ આપો ૧૧,૫૦૦ કરોડનો ઘપલો કરનાર નિરવ મોદીનું આધાર કાર્ડ બેંક એકાઉન્ટ સઆથે લીંક હતું કે નહીં ?

- મિત્રો, ભાઈઓ બહેનો પીએનબી ગઈ ભાડમાં, મારા શેઠ મુકેશભાઈની ભાણી એટલે એમની બેન દિપ્તીની દીકરી ઈશાતાના લગ્ન નિરવ મોદીના ભાઈ નિલેશ મોદી સાથે થયેલા છે, એટલે મારાથી મારા શેઠના સગા વિરુદ્ધ કોઈ પગલાં લેવાશે નહીં. આ ચોક્ખી વાત છે. સીબીઆઈમાં વર્ષ પહેલાં ફરિયાદ આવી ગયેલી હતી. અમને બધી ખબર હતી, એટલે બધાને સહીસલામત દેશ-બહાર મોકલી દીધા છે, એટલે કોઈ દેશદ્રોહી તેમને મારી નહીં કે પકડે નહીં. હું તેને ૧૫ દિવસ પહેલાં દાવોસમાં સાથે લઈને એટલે ફરતો હતો કે દેશના વિકાસ માટે આવું બધું જરૂરી છે. મારા ભક્તોને સૂચના કે આ કૌભાંડની જવાબદારી જવાહરલાલ નહેરુના માથે નાંખો અને લખજો સરદાર વડાપ્રધાન હોત તો નિરવ મોદી કૌભાંડ થાત નહીં. બીજુ ખાસ આ કૌભાંડ ગુમાવેલા નાણાંની પાઈ પાઈ છોડવામાં નહીં આવે, તમામ પૈસા ભારતની જનતા પાસેથી વસૂલ કરવામાં આવશે આખરે મારા દેશનું હિત જોવું પડે...

**- લી. તમારો વ્હાલો ચોકીદાર**

- આપણા ખાતામાં મિનિમય બેલેન્સ કરતાં ઓછા રૂપિયા હોય તો બેંકને તુરત જ ખબર પડે, ૧૧,૫૦૦ કરોડના ગોટાળાની ખબર કરતાં બેંકને સાત વર્ષ લાગે...

- પ્રકાશ મોદી એ વિલમ ગાર્ડનું કર્યું, નિરવ મોદીએ પંજાબ નેશનલ બેંકનું કર્યું, લલીત મોદીએ આઈપીએલનું કર્યું, સુશીલ મોદીએ સૃજલનું કર્યું, પીએમ મોદીએ દેશનું કર્યું અને આ મોદીઓ નાનું તો કરતા જ નથી...

- એક નિર્દોષ સવાલ આ નિરવ મોદીનું પંજાબ નેશનલ બેંક કૌભાંડ કઈ યોજનામાં ગણવાનું સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા કે પછી મેક ઈન ઈન્ડિયા...

- પહેલે તો દેશવાસીઓકી ખુશી કા ઠીકાના ન રહા, લેકીન ફિર ઉન્હે માલૂમ હુઆ કી બડા નહીં છોટા ભાગા હૈ...

- મોદીજી કા સપના પુરા હુઆ પીએનબી કેશલેશ હુઆ...

- આમને આમ ઉઠામણા થશે તો પંદર લાખ લેવાના નહીં દેવાના થાહે...

- અત્યાર સુધી ઉલ્લુ બનાવતા હતા કે આ ગાંધી પરિવારે દેશને લૂંટી લીધો છે આતો મારા સાળા અત્યારે મોદીઓ લૂંટી રહ્યા છે દેશને...

- એક હી મોદી કાફી થા બરબાર 'ગુલીસ્તા' કરને કો યહાં તો ગલી ગલી સે નિકલ રહે હૈ...

- એ ચારો'પી' ને દેશ મેં ભુચાલ મચા દીયા હૈ, પ્રિયા, પકોડા, પદ્માવત, પંજાબ નેશનલ બેંક...

- આપણે બેંકને આધાર સાથે જોડતા રહ્યા, પેલો બેંકને જ નિરાધાર કરી જતો રહ્યો...

- ગ્રાહક માટે બે રૂપિયાની બોલપેનને પણ મજબૂત ખીલ્લા અને દોરીથી બાંધનારી બેંકનું કોઈ હજારો કરોડનું કઈ રીતે કરી જતુ હશે...

- દેશમેં રહના હે તો ઢાઈ લાખ કા હિસાબ દેના હોગા વગરના ૯૦૦૦ ઔર ૧૧,૦૦૦ કરોડ લેકર આપ દેશ છોડ શકતે હૈ

**- આઈ.ટી. ડિપાર્ટમેન્ટ....**

- પંજાબ નેશનલ બેંકને ઘોટાલા હોના હી થા, ક્યોં કી પંજાબ મેં કોંગ્રેસ કી સરકાર હૈ -

**- ભક્ત...**

- પીએનબી કા નવા ફુલફોર્મ - પી પૈસા - એન નિરવ લે કે - બી ભાગા...

- નિરવ મોદી ૧૯૭૧ મેં પૈદા હુઆ થા ઉસ વક્ત ઈન્દિરા ગાંધી કી સરકાર થી ઈસ કે લિયે કોંગ્રેસ જિમ્મેદાર હૈ

**- નરેન્દ્ર મોદી...**

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



**બહેન... મોઘું તો મોઘું શાક ખાવાનું ચાલુ કરી દો... આમ પણ બેંકવાળા તમારા પૈસા ખાઈ જાય એ કરતા તમે જ ખાવને...??**

## અમદાવાદ-ગાંધીનગર બંધ : ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ સમીક્ષા બેઠક કરી

ગાંધીનગર,તા.૧૮

અમદાવાદ-ગાંધીનગર બંધના પગલે રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ સમીક્ષા બેઠક બોલાવી હતી. બેઠકમાં ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર હતા. ખાસ કરીને બેઠકમાં બંધ અને પાટણ આત્મવિલોપનની સમગ્ર ઘટનાની સમીક્ષા કરાઈ હતી. જ્યારે દલિત સમાજનો રોષ ઠંડો પાડવા અને પ્રદર્શનકારીઓ વિરુદ્ધની રણનીતિ અંગે પણ ચર્ચા કરાઈ હતી. પ્રદીપસિંહ જાડેજાએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં તે માટે તકેદારીના પગલા લેવા આદેશ કર્યો હતો.

## ટ્રાન્સ મિડીયા એવોર્ડમાં જનક ઠક્કરનો સર 'પંચ'..!!!

### ગાંધીનગરના યુવા અભિનેતાને સુરી સિરિયલમાં સરપંચની ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ : એવોર્ડ પ્રાપ્ત કરનાર એક માત્ર ગુજરાતના અદાકાર

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતી ફિલ્મો ટેલિવીઝન અને રંગભૂમિની પ્રતિભાઓને




સન્માનતા ૧૭માં ટ્રાન્સમિડીયા એવોર્ડ સમારંભમાં ગાંધીનગરના યુવા અભિનેતા જનક ઠક્કરને ટીવી સિરિયલ સુરીમાં સરપંચના પાત્ર માટે શ્રેષ્ઠ અભિનેતાના એવોર્ડથી સન્માનવામાં આવ્યા છે. ગુજરાત અને મુંબઈના કલા-કસબીઓને આવરી લેતા આ એવોર્ડ સમારંભમાં એક માત્ર ગુજરાતી ટીવી કલાકાર તરીકે જનક ઠક્કરને એવોર્ડ પ્રાપ્ત થયો છે.

મુંબઈ ખાતે યોજાયેલા ૧૭માં ટ્રાન્સમિડીયા એવોર્ડ સમારંભમાં ગાંધીનગરના યુવા અભિનેતા જનક ઠક્કરને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ પ્રાપ્ત થતા શહેરના કલાકારો તથા કલારસિક જનતામાં આનંદનું મોજુ પ્રસરી વળ્યુ છે. ટેલિવિઝન સિરિયલ્સ માટેની શ્રેષ્ઠ અભિનેતાની કેટેગરીમાં જુદી જુદી ટીવી ધારાવાહિકોના પાંચેક અભિનેતાઓના નોમિનેશન્સ થયા હતા. જેમાંથી આ એવોર્ડ જનક ઠક્કરના ફાળે ગયો હતો. જનક ઠક્કરને મળેલો એવોર્ડ એ 'સુરી' સિરિયલને પ્રાપ્ત થયેલો એક માત્ર એવોર્ડ છે એટલુ જ નહી પરંતુ ટીવી સિરિયલન્સની કેટેગરીમાં ગુજરાતના એક માત્ર અભિનેતાને આ એવોર્ડ પ્રાપ્ત થતા ગાંધીનગર શહેરનું ગૌરવ વધ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે 'સુરી' ધારાવાહિક દર્શકોમાં ખૂબ લોકપ્રિય છે અને આ ધારાવાહિક સમાજમાં પ્રવર્તી રહેલ બદીઓ પ્રત્યે જાગૃતિનો સંદેશ પણ પાઠવે છે. આ સિરિયલમાં જનક ઠક્કર ગામના સરપંચની પ્રભાવી ભૂમિકામાં અભિનયના અજવાળા પાથરી રહ્યાં છે જેને દર્શકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે. જનક ઠક્કર પર ચોતરફથી અભિનંદનનો વરસાદ વરસી રહ્યો છે.

### ગાંધીનગરના જનજીવનમાંથી ઘણું શીખ્યો છું

"આ એવોર્ડ માટે હું ટ્રાન્સ મિડીયા, તેને સહયોગ પુરો પાડી ગુજરાતી કલાકારોને પ્રોત્સાહન આપનાર ગુજરાત સરકાર તથા ટુરિઝમ ડિપાર્ટમેન્ટ, સુરી સિરિયલના સ્પોટબોય જેવા નાનામાં નાના સભ્યથી માંડીને તમામ યુનિટનો તથા દરેક પગલે સપોર્ટ પુરો પાડવા બદલ મિડીયાનો આભારી છુ. હું નાનપણથી ગાંધીનગરમાં રહીને, અહીં જ ભણીને મોટો થયો છુ, અહીંનું જનજીવન મને ખૂબ સ્પર્શે છે, તેમાંથી હું ઘણું શીખ્યો છુ. ગાંધીનગરની જનતાએ મને અપાર પ્રેમ આપ્યો છે તે માટે હું ખૂબ ખૂબ આભારી છુ."

**- જનક ઠક્કર**

## નૈસર્ગિક સૌંદર્યને ચાહનારા માટે ગુજરાત આગવું સ્થળ

ગાંધીનગર,તા. ૧૮

મુખ્મમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત પાસે નિસર્ગદત્ત એટલું બધુ વૈવિધ્ય છે કે, નૈસર્ગિક સૌન્દર્યને ચાહનારા લોકો માટે ગુજરાત આગવું સ્થળ બની રહ્યું છે. ગુજરાત પ્રવાસન નિગમ અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા વાઈલ્ટ લાઈફ અને બર્ડ વોચર્સને અનુલક્ષીને યોજાયેલા ટાઈમ્સ પેશન ટ્રેઈલ્સને પ્રસ્તાન કરાવતા મુખ્યમંત્રી રૂપાણીએ ગુજરાતને બેસ્ટ ડેસ્ટીનેશન ઓફ ટુરીઝમ તરીકે ગણાવીને ઉમેર્યુ હતું કે, ગુજરાત નૈસર્ગિક સંપત્તિની દ્રષ્ટિએ ધની છે. અહીં ૧૬૦૦ કિમીનો દરિયા કિનારો, વન સંપદા, વન્ય જીવસૃષ્ટિતી લઈને અનેક વૈવિધ્ય છે. અહીં એક તરફ કચ્છનું સફેદ રણ છે તો બીજી તરફ સાપુતારા ગિરીમથક છે. અહીં ધરમપુરથી ધોળાવીરા અને દિવતી ડાંગ સુધી નૈસર્ગિક સૌન્દર્ય અને પ્રવાસન વૈવિધ્ય છે. મુખ્યમંત્રી એક અગ્રણી અખબારના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમ સંદર્ભે જણાવ્યું હતું કે, અખબાર જ્યારે સમાજ જીવનના વૈવિધ્યને અને નૈસર્ગિક સૌન્દર્યને વિશ્વ ફલક ઉપર મુકે ત્યારે સોનામાં સુગંધ ભળે. રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમ વેળા વાઈલ્ડ લાઈફ અને બર્ડ વોચિંગના ચાહકો માટે થોળ બર્ડ સેન્ચુરી, ઘુડખર સેન્ચુરી દસાડા, બર્ડ સેન્ચુર નળ સરોવર, કાળિયાર અભયારણ્ય વેળાવદર અને ગીર વાઈલ્ડ લાઈફ સેન્ચુરીની સફરને રૂપાણીએ લીલીઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું.



## ડભોડા ગામેથી પાવાગઢ પગપાળા સંઘનું વાજતે ગાજતે પ્રસ્થાન

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામમાં મેલડી યુવક મંડળ દ્વારા સતત ૩૪ વર્ષથી પાવાગઢ પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પગપાળા સંઘ ડભોડાથી રથ સાથે પ્રસ્થાન કર્યુ હતુ. જેમાં ૩૦૦થી વધુ માઈભક્તો યાત્રામાં જોડાયા હતા. આ યાત્રાસંઘ સાતમા દિવસે પાવાગઢ દર્શન કરીને પરત ફરશે. યાત્રાસંઘનું પ્રસ્થાન સમયે ૩૦૦થી વધુ માઈભક્તોએ અબિલ-ગુલાલની છોળો ઉડાડી મા કાલી પાવાગઢવાળીનો જય જયકારનો જયનાદ કરતાં ભક્તિનો માહોલ છવાઈ ગયો હતો.

## બહુજન સમાજ પાર્ટીનું દલિત કર્મશીલના આત્મવિલોપન બાબતે રાજ્યપાલને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૧૮

બહુજન સમાજ પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા પાટણના દલિત કર્મશીલ ભાનુપ્રસાદના આત્મવિલોપન બાબતે રાજ્યપાલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

બહુજન સમાજ પાર્ટી દ્વારા કુલ આઠ મુદ્દાનું આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું તેવુ બહુજન સમાજ પાર્ટીના ગાંધીનગર જિલ્લાના પ્રમુખ ચિરાગ પરીખ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે. આવેદનપત્રમાં બહુજન સમાજ પાર્ટી દ્વારા રાજ્યપાલને આત્મવિલોપનની ઘટના માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી, ગૃહમંત્રી તથા મહેસુલમંત્રીને દોષિત ગણીને ગુજરાત સરકારને બરખાસ્ત કરી રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની ભલામણ કરવામાં આવી છે. આ ઉપરાંત વહીવટીતંત્રના સમસ્ત સામેલ અધિકારીઓ તથા કર્મચારીઓને સસ્પેન્ડ કરી આઈ.પી.સી.ની ધારાઓ અને પ્રિવેન્શન ઓફ એટ્રોસીટી એક્ટ મુજબ ધારાઓ લાગુ કરી તહોમતદાર બનાવી એફ.આઈ.આર. કરી જેલ હવાલે કરવાની માંગ બ.સ.પા. દ્વારા કરવામાં આવી છે.

બહુજન સમાજ પાર્ટી દ્વારા અરજદારોને તેઓની માંગણી મુજબની જમીન તાત્કાલિક રીગ્રાન્ટ કરી આપવાની માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત, દિવંગત ભાનુભાઈને શહીદનો દરજ્જો આપી તેમના પરિવારને તાત્કાલિક રૂ. ૧ કરોડનું વળતર ચુકવવા માટે માંગ કરવામાં આવી છે. ગુજરાતમાં સાંથણીની જમીન ફાળવેલ હોવા છતાં પ્રત્યક્ષ કબજો ન મળ્યો હોય તેવા અરજદારોને પ્રત્યક્ષ કબજો આપવા માટે તેમજ ગુજરાતની પ્રજા માટે દરેક ઓફિસોમાં નાગરિક અધિકારપત્રની માહિતી મુકાવા માટે બહુજન સમાજ પાર્ટી દ્વારા માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત, ભાનુભાઈએ કરેલ આત્મવિલોપનની ઘટનાની નામદાર હાઈકોર્ટના સીટીંગ જજની પેનલ દ્વારા ન્યાયિક તપાસ કરીને તેનો રીપોર્ટ તાત્કાલિક જાહેર કરવા માટે રાજ્યપાલને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

## CS બન્યા નહીં પણ સમકક્ષ 'વટ' ભોગવ્યો તે હસમુખ અઢિયા નવેમ્બરમાં ફરજ નિવૃત્ત થશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ભારત સરકારમાં પહેલાં રેવન્યુ અને પછી ફાયનાન્સ સેક્રેટરીના પદ પર રહેલા હસમુખ અઢિયા એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાસ ઓફિસર છે. તેમના સમયમાં જ નોટબંધી અને જીએસટીનો અમલ થયો છે. તેઓ જો ગુજરાતમાં હોત તો ચીફ સેક્રેટરી બની શક્યા હોત પરંતુ તેમણે દિલ્હી પોસ્ટીંગ પસંદ કર્યુ છે જે ચીફ સેક્રેટરીની સમકક્ષ કહી શકાય છે. ગુજરાત કેડરના આઠ સિનિયર આઈએએસ ઓફિસરો ૨૦૧૮માં વયનિવૃત્ત થઈ રહ્યાં છે જેમાં સેન્ટ્રલ ડેપ્યુટેશનના બે અધિકારી રીટા તેવટીયા (જુલાઈ) અને હસમુખ અઢિયા (નવેમ્બર)નો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં ફરજ બજાવતા અને હોમ ડિપાર્ટમેન્ટની જવાબદારી છે તેવા એમ.એસ.ડાંગુર (જુલાઈ) પણ ફરજનિવૃત્ત થાય છે. એ ઉપરાંત કે.ડી.ચંદનાની અને એચ.આર.સુથાર- ફેબ્રુઆરીમાં આર,જી,ભાલેરા- જૂનમાં એસ.બી.રાવલ અને કે.બી.ઉપાધ્યાય- મેમાં વયનિવૃત્ત થાય છે. આ આઠ ઓફિસરોમાં બે અધિકારી એવા છે કે જેમને નિવૃત્તિ પછી પણ પોસ્ટીંગ મળી શકે છે.

**ગુજરાતના CM વિજય રૂપાણી શાસક અને વિપક્ષ એમ બન્નેબાજુ ઘેરાયેલા છે**

● **રૂપાણી નબળા, મજબૂર બની રહ્યાં છે...**

ગુજરાત સરકારમાં બધું સારૂં ચાલી રહ્યું હોય તેમ માનવાને કારણ નથી. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે એક પછી એક આફત આવતી રહે છે. વિધાનસભામાં કોંગ્રેસ મજબૂત બનતાં મુખ્યમંત્રી મજબૂર બન્યાં છે. મોદી માને છે કે ચૂંટણીમાં સંપૂર્ણ બહુમત કરતાં વધુ બેઠકો હોય તો સરકાર ધાર્યા નિશાન પાર પાડી શકે છે. વિજય રૂપાણીનો આ ટેન્યોર ફિક્સમાં મૂકાયેલો છે. પાર્ટીના એક પછી એક ધારાસભ્યો પદ મેળવવા ઉંચાનીચા થઈ રહ્યાં છે ત્યારે બીજી તરફ કોંગ્રેસ તેમને ઘેરવાનો પ્લાન બનાવી રહી છે. ૮૦ સુધી પહોંચેલો વિપક્ષ બજેટ સત્રમાં સરકારના નબળાં પાસાને ધ્યાને લઈ હથિયાર સજાવી રહ્યો છે ત્યારે શાસક પક્ષ પહેલીવાર એકજૂથ જોવા મળતો નથી. ધારાસભ્યોમાં વ્યાપેલો અસંતોષ મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોને ઓન ફ્લોર ધ્રુજાવી શકે છે, કારણ કે ૮૦ સામે ૯૯ છે, માત્ર ૧૯ સભ્યો જ વધારે છે. જો મંત્રીઓને બાદ કરવામાં આવે તો બન્નેની સભ્યસંખ્યા સરખી થાય છે. રૂપાણીએ શાસક પક્ષના સભ્યોને તો મેનેજ કરવા પડશે પરંતુ વિપક્ષ કોંગ્રેસને પણ સાચવવી પડશે. ભાજપ માટે આવી સ્થિતિ પહેલીવાર આવી છે.

● **સમય બડા મહાન હૈ, વ્યક્તિ મહાન નથી...**

"વો ભી ક્યા દિન થે, હમે દિલમેં બિઠાયા થા કભી"-- વિધાનસભાની ચૂંટણી પછી ભાજપના કેટલાક સિનિયર સભ્યો આવું ગીત લલકારી રહ્યાં છે. અમદાવાદના ભરત બારોટ કે જેમનો કેશુભાઈના સમયમાં જમાનો હતો. શિક્ષણ મંત્રી તરીકેની જવાબદારી હતી ત્યારે ભાજપના કાર્યકરો તેમનો પડછાયો બનીને રહેતા હતા. જયનારાયણ વ્યાસ કે જેઓ ભાજપના તમામ નેતાઓમાં સૌથી વધુ ભણેલા છે તેમને ચૂંટણીમાં હરાવવાનું કામ ભાજપના જ લોકોએ કર્યુ છે. તેમનો સિતારો બુલંદ હતો. એવી જ રીતે ઈન્દ્રવિજયસિંહ જાડેજાનો પણ સરકારમાં પડ્યો બોલ ઝીલાતો હતો. શહેરી વિકાસ મંત્રી હતા ત્યારે બિલ્ડરો તેમની આગળ પાછળ ફરતા હતા. ભાજપના પૂર્વ નેતાઓ અને મંત્રીઓ પરમાનંદ ખટ્ટર, ઉમેશ રાજ્યગુરૂ, જીતેન્દ્ર સુખડિયા, મહેન્દ્ર ત્રિવેદી, બિમલ શાહ, મુળુ બેરા, રમણ વોરા, નરોત્તમ પટેલ, મંગુભાઈ પટેલ, આર.એમ.પટેલ આજે ખોવાઈ ગયા છે. બીજી તરફ આયાતી નેતાઓમાં નરહરિ અમીન ખૂણામાં બેઠાં છે. ભરત પંડ્યા અને અમિત ઠાકર જેવા નેતા સરકારમાં નહીં સંગઠનમાં ચપ્પલ ઘસી રહ્યાં છે. આ તમામ નેતાઓ એક સમયે કી-પોસ્ટ પર હતા.

**મોદી યુવાન નથી પણ તેમની સોચ યુવાન છે તેથી વિશ્વમાં લોકપ્રિય બન્યા**

● **નિવૃત્ત ઓફિસરોને ટ્રેઇનિંગ વિંગમાં સામેલ કરો...**

નિવૃત્ત થયેલા ઓફિસરને રિ-એપોઈન્ટ કરતી ગુજરાત સરકાર એવું માને છે કે અનુભવી કર્મચારીઓ વહીવટી કામમાં ઝડપ લાવી શકે છે. સરકારને તેના અનુભવનો નિચોડ મળે છે. કાયદા કાનૂનનું પણ તેને જ્ઞાન હોય છે. જો કે સરકારની આ સોચ ભૂલભરેલી છે, કેમ કે એક યુવાન જેટલું ઝડપથી કામ કરે છે તે નિવૃત્ત થયેલો ઓફિસર કરી શકતો નથી. જો તેને વિભાગની કામગીરી ફાવતી ન હોય તો તેને શિખવા માટે એક મહિનો બસ છે. સરકારના વિવિધ વિભાગો તેમજ અર્ધસરકારી સંસ્થાઓમાં અંદાજે ૩૦૦૦ જેટલા કર્મચારીઓ વયનિવૃત્તિ પછી પણ નોકરીમાં ચાલુ છે જેના કારણે ગુજરાતના નવયુવાનો સરકારી નોકરીથી બાકાત રહી ગયા છે. ૫૮ વર્ષે ગુજરાત સરકારમાં નિવૃત્ત થયેલા અધિકારી તેમજ કર્મચારીને રિએમ્પ્લોય કરવામાં આવે છે તેથી તે અધિકારી કે કર્મચારી એક યુવાનની નોકરીને છીનવી રહ્યો છે. નોકરીના પૂર્ણ સમયના વર્ષો પૂર્ણ કર્યા પછી સરકારમાં નોકરી મેળવવાની લાલચ બેકારીના આંકમાં વધારો કરાવે છે.સરકારમાં સમયાંતરે ટ્રેઈનિંગ આપવાની જોગવાઈ હોવાથી નવયુવાનોને શિખતા વાર નહીં લાગે.—અને જો સરકારને રિએપોઈન્ટ કરવા હોય કે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી લેવા હોય તો આવા નિવૃત્ત ઓફિસરોને ટ્રેઈનિંગ વિંગમાં ભરતી કરવા જોઈએ.

**રિ-એપોઇન્ટમેન્ટ કે કોન્ટ્રાક્ટની જગ્યાએ Ex ઓફિસરને ટ્રેઇનિંગમાં મૂકી જુઓ**

● **રૂપિયા કાગળ બને તે પહેલાં ચેતી જાવ...**

તમારા નાણાંનો રખેવાળ કોણ છે? આ પ્રશ્નનો જવાબ હવે આપણી પાસે નથી. બેન્કો ખતરામાં છે. તમારા રૂપિયા તમે ઉપાડી શકતા નથી. ઉપાડો છો તો અનેક જાતની સર્વિસના નાણાં ભરવાના હોય છે. તમારા રૂપિયા ઉપર સરકારના આઈટી ડિપાર્ટમેન્ટ સહિતની એજન્સીઓની નજર છે તેમ તમારા રૂપિયા માલેતુજારોની પણ નજરમાં છે. રાજનેતાઓ, બેન્કના ઓફિસરો અને મોટા ઉદ્યોગજૂથોના સંયુક્ત સાહસથી તમારા નાણાં અનસેફ જગ્યાએ રોકવામાં આવે છે. તમારે બેન્ક લોન લેવી હોય તો કાંડા કાપીને આપવા પડે છે. કાર લોનમાં અસંખ્ય દસ્તાવેજ બેન્ક કબ્જે લેતી હોય છે. પર્સનલ લોનમાં તો તમારી મિલકતો ગિરવે મૂકવાની બેન્કો ફરજ પાડે છે, પરંતુ વિજય માલ્યા, નિરવ મોદી અને મેહુલ ચોક્સી જેવા અબજોપતિઓ તમારી જીવનની મૂડી સાથે ખિલવાડ કરે છે. એક બાજુ મોદી સાહેબે રોકડ રકમ નહીં રાખવાની વિનંતી સાથે ઈન્ડિયાને ડિજીટલમાં ફેરવવાનો પ્રયાસ કર્યો છે તેથી તમે બધી રોકડ રકમ ઘરમાં પણ મૂકી રાખી શકતા નથી. આશ્ચર્ય એ બાબતનું છે કે નિરવ મોદી અને તેના સપોર્ટરોનું આ બેન્ક કૌભાંડ ઓનલાઈન આચરવામાં આવ્યું છે. જ્યાં સુધી ઓનલાઈન વ્યવહારો સંપૂર્ણ સુરક્ષિતની ગેરંટી ન આપે ત્યાં સુધી આપણે તો રૂપિયા ઘરની તિજોરીમાં અતિ સેફ રાખવાનો સમય આવી ગયો છે. ખબરદાર ઈન્ડિયા...! બેન્કોનું એનપીએ ૧૦ લાખ કરોડનો આંકડો વટાવી રહ્યું છે!!

● **જસ્ટીનને જોઇને-- યે દિલ માંગે યુવા લિડર્સ...**

યુવાન રાજનિતી કોનો ન ગમે?... ભારતની બ્યુરોક્રેસી જવાન થતી જાય છે તેમ વિશ્વના રાજનેતાઓમાં યુવાનોનું આકર્ષણ વધી રહ્યું છે. ભારતમાં મોદી યુવાન નથી પરંતુ તેમના વિચારો યુવાન હોવાથી મહિલાઓ અને યુવાનોમાં તેઓ લોકપ્રિય બન્યા છે. ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ શાસન સમયે લોકપ્રિય હતા. ભારતની જનતા રાહુલ કરતાં પ્રિયંકા ગાંધીને વડાપ્રધાન તરીકે વધારે પસંદ કરે છે, કારણ કે તેનો લૂક ઈન્દિરા ગાંધીની યાદ અપાવે છે. વિશ્વના અનેક દેશોમાં યુવા નેતાઓ છે તેમ કેનેડાને સૌથી યુવાન પ્રાઈમ મિનિસ્ટર મળ્યા છે. જસ્ટીન ટ્રુડોની હાલની ઉંમર ૪૬ વર્ષની છે. કેનેડાના ઈતિહાસમાં તેઓ જોય ક્લાર્ક પછી બીજા સૌથી નાની ઉંમરના વડાપ્રધાન છે. તેમના પિતા પીયરે ટ્રુડો પણ વડાપ્રધાન રહી ચૂક્યાં છે. જસ્ટીન માટે એવું કહેવાય છે કે તેઓ હોલિવુડના હિરોથી ઓછા નથી. કેનેડાની મહિલાઓમાં તેમનું જબ્બર આકર્ષણ છે. કેનેડાના સેન્સેટીવ પ્રશ્નો સમજીને તેને ઉકેલવાનો પ્રયાસ તેમણે કર્યો છે તેથી લોકપ્રિય લિડર બન્યા છે.